# ઉત્તર ગુજરાતમાં એક જ દિવસમાં ૧૧,૩૦૦ કોરોનાથી સંક્રમિત

## ૬નાં મોત, પાછલા ૨૪ કલાકમાં એકપણ દર્દી સાજો થયો નથી, અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી તંત્રએ જૂઠ ઉપર અંકુશ લગાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બેલગામ કોરોનાએ આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી દીધી છે. રેમડેસિવિર, ઓક્સિજન, બેડની અછત વચ્ચે વિભાગે સબસલામતની આલબેલ પોકારી હતી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ તો ગત રોજ ૧૬૪ દર્દી સાજા થયાનો દાવો કર્યો પરંતુ એકપણ બેડ કેમ ખાલી થયો નથી..?? તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી પાછલા ૨૪ કલાકમાં એકપણ દર્દી સાજો થયો નથી તેની વિગતો જણાવવી પડી હતી. એક રીતે તંત્રએ જૂઠ ઉપર હવે અંકુશ લગાવ્યો છે. ઉત્તર ગુજરાતમાં રેકર્ડ બ્રેક એક દિવસમાં ૧૧,૩૫૫ કોરોના સંક્રમિત કેસ નોંધાયા છે. ૬ નાં મોત નિપજ્યાં છે.

દિવસો પસાર થાય તેમ કોરોના ઉપર અંકુશના કોઈ એંધાણ દેખાતા નથી. દર્દીઓ રીકવરી રેટ પણ તળીયે પહોંચ્યો છે. પાછલા ૧૫ દિવસથી ઓક્સિજન અને રેમડેસિવિરની અછતથી આરોગ્ય સ્ટાફ પણ માનસિક રીતે પડી ભાંગ્યો છે. દિવસ-રાત દર્દીઓની સેવા કરતા સ્ટાફને દર્દીઓને સાજા કરવા માટેની દવાઓ પૂરતા પ્રમાણમાં મળતી ન હોય તો સ્ટાફ પણ શું કરે..?? સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. કેટલાક વિસ્તારોમાં કોરોના દર્દીઓનું મોત નિપજ્યા પછી મોતનો મલાજો પણ જળવાતો નથી. સ્મશાન ગૃહોમાં લાકડાં ખૂટી પડ્યાં છે આ તમામ વિગતો સ્પષ્ટ દર્શાવ્યો છે કે ઉત્તર ગુજરાતમાં કોરોના બેકાબુ બની ગયો છે. જે રીતે ખાનગી ડૉક્ટરોના કોરોનાના કારણે મોત નિપજ્યા તેના ઉપરથી કોરોનાની બીજી લહેરમાં સંક્રમણ વધુ ઘાતક હોવાના પુરાવા મળ્યા છે. સરકાર અને આરોગ્ય વિભાગ તાબડતોબ કોવિડ હોસ્પિટલોમાં બમણી સંખ્યામાં ઓક્સિજન સાથેના બેડ તૈયાર નહીં કરાવે તો આગામી સપ્તાહ તંત્ર માટે અગ્નિ પરીક્ષા સમુ બની રહેશે. પાછલા ૨૪ કલાકમાં અરવલ્લી જિલ્લામાં રેકર્ડ બ્રેક ૧૪૦૦ લોકો સંક્રમિત થયા છે. ગત રોજ માત્ર અરવલ્લી જિલ્લામાં જ ૧૪ થી વધુ લોકો કોરોનાના કારણે મોત નિપજ્યા હોવા છતાં મૃત્યુનો એકપણ આંકડો દર્શાવ્યો નથી.

**પાછલા ૨૪ કલાકમાં કોરોના સંક્રમિત લોકો..**

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૫૫૧૫ |
| સાબરકાંઠા | ૧૬૬૩ |
| પાટણ | ૧૬૪૮ |
| અરવલ્લી | ૧૪૦૦ |
| બનાસકાંઠા | ૧૧૨૯ |

# ઉત્તર ગુજરાતમાં કોરોના ૫૦૦ લોકોનો કોળીયો કરી ગયો, ડબલ મ્યુટન્ટથી મૃત્યુદર વધવાની આશંકા

### બિનસત્તાવાર આંકડો ૧૮૦૦થી વધુ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

કોરોનાની બીજી લહેરમાં ઉત્તર ગુજરાતમાં સ્મશાન ગૃહોમાં શબના ખડકલા થઈ રહ્યા છે જે પણ કોઈ કારણ હોય પરંતુ મૃત્યુના સાચા આંકડા આજે પણ બહાર આવતા નથી. પાછલા ૧૪ મહિનામાં ઉત્તર ગુજરાતમાં વકરેલો કોરોના ૪૯૭ લોકોનો કોળીયો કરી ગયો છે. ઉત્તર ગુજરાતમાં ડબલ મ્યુટન્ટ વેરિયન્ટના કારણે મૃત્યુ દર ઉંચકાયાનું વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો સ્વીકારી રહ્યા છે અને આ માટે એક થી વધુ માસ્ક પહેરવા સિવાય પ્રજા પાસે કોઈ યોગ્ય વિકલ્પ નથી. સરકારનો આરોગ્ય વિભાગ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં ભલે ૫૦૦ લોકોનો મૃત્યુનો દાવો કરે પરંતુ બિનસત્તાવાર મૃત્યુઆંક ૧૮૦૦ થી પણ વધુ હોવાની આશંકા છે.

પહેલાં મહારાષ્ટ્રમાં અને ત્યાર પછી પડોશી ગુજરાત રાજ્યમાં કોરોનાએ બીજી લહેરમાં રીતસરનો હાહાકાર મચાવ્યો છે. પ્રથમ લહેરમાં કોરોના વધુ ઘાતક હોવા છતાં મૃત્યુદર ઓછો તો પછી કોરોનાના ડરામણા ચહેરામાંથી બહાર આવેલી પ્રજાને બીજી લહેર કેમ હચમચાવી રહી છે..?? તેવો સવાલ સ્વાભાવિક થાય. પરંતુ જાણવા મળ્યા મુજબ ગુજરાતમાં મહારાષ્ટ્રની જેમ જ ડબલ મ્યુટન્ટ વેરીયન્ટની હાજરી હોવાનું જાણવા મળ્યું છે. આ સંક્રમણથી બચવા માટે ૨ થી ૩ માસ્ક પહેરવા જરૂરી છે અને વારંવાર હાથ ધોવા, કોઈ અગત્યનું કામ હોય તો જ ઘરની બહાર નિકળવું તેવી માર્ગદર્શિકા ડૉક્ટરો પણ આપી રહ્યા છે પરંતુ ઉત્તર ગુજરાતની પ્રજા મોટાભાગે ખેતી અને પશુપાલનના વ્યવસાય ઉપર નિર્ભર છે. ઘરમાં બેસી રહે તો ખાય જ શું..?? આ સ્થિતિ પણ સ્વીકારવી પડે. મૂંગા પશુઓ હોય એટલે તેમને ઉનાળામાં સવાર, બપોર, સાંજ પાણી પીવડાવવું પડે, લીલો-સૂકો ઘાસચારો આપવો પડે અને દૂધ ડેરી સુધી પહોંચાડવું પડે આ સંજોગોમાં પ્રજાને ઘરમાં પુરાઈ રહેવું પાલવે તેમ નથી અને કોરોના પણ હવામાં ફેલાતો હોવાનું બહાર આવ્યા પછી પ્રજાએ પણ ગમે ત્યાં હોઈએ ચેપ લાગવાનો છે તેવું સ્વીકારી યોગ્ય તકેદારી સાથે પોતાનું દૈનિક કામ કરવા લાગી છે. પાછલા ૭ દિવસથી ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કોરોના સંક્રમિત કેસ ૧૦ હજારથી સતત વધી રહ્યા છે. અત્યારે ૧૧ હજારથી વધુ દૈનિક કેસ નોંધાયા છે. ટેસ્ટીંગ ઓછા થવા છતાં સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યો છે પરંતુ આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો ઉત્તર ગુજરાતમાં બેકાબુ કોરોના સંક્રમણમાં પ્રજા માટે વિકટ સ્થિતિ થઈ શકે છે. કેટલાક વૈજ્ઞાનિકોએ ભારતમાં બી-૧.૬૧૭ વેરીયન્ટમાં જોવા મળ્યો છે અને અત્યાર સુધીમાં ૧૭ જેટલા કોરોના વાયરસમાં ફેરફાર જોવા મળ્યા. જેથી એવું કહી શકાય કે ઉત્તર ગુજરાતમાં ડબલ મ્યુટન્ટ વાયરસ કાળમૂખો બની રહ્યો છે. પ્રજાએ કોરોનાથી બચવા માટે શક્ય એટલી સાવધાની રાખવી જરૂરી છે.

**કોરોના કેટલા લોકોને ભરખી ગયો..**

| જિલ્લો | મૃત્યુ આંક |
|---|---|
| સાબરકાંઠા | ૧૧૮ |
| બનાસકાંઠા | ૧૧૬ |
| મહેસાણા | ૧૧૦ |
| પાટણ | ૯૮ |
| અરવલ્લી | ૫૫ |

# મોડાસા સરકારી ઈજનેર કોલેજ ૫૦ બેડના કોવીડ સેન્ટરની જાહેરાત પણ અમલ નહીં...!!

### બંધ કોવીડ સેન્ટર ઝડપથી શરૂ કરવા લોકમાંગ



અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે, ત્યારે આવા સંક્રમિતોને સરળતાથી બેડ, ઓક્સીજન અને દવાઓ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં સાંસદ સભ્ય,ધારાસભ્યો થી માંડી સમગ્ર તંત્ર પાંગળુ પુરવાર થઈ રહ્યું છે.થોડા દિવસ અગાઉ કોરોના સંક્રમીત દર્દીઓ માટે ઠેર ઠેર કોવીડ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે પરંતુ મોટા ભાગના કોવીડ સેન્ટરમાં પાયાગત સુવિધાનો અભાવે કોવીડ સેન્ટરમાં કોરોના સંક્રમીત દર્દીઓને યોગ્ય સારવાર ન મળતી હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે મોડાસા શહેરની સરકારી એન્જીનિયરિંગ કોલેજ ખાતે ઉભું કરાયેલ ૫૦ બેડનું કોવીડ સેન્ટર તંત્રની વાતો માત્ર વાહવાહી મેળવવાના ગતકડાથી વિશેષ કંઈ ના હોય તેવુ ચીત્ર ઉપસી રહ્યું છે.કોવીડ સેન્ટર હાલત બંધ હાલતમાં જોવા મળી રહ્યું છે ત્યારે ૫૦ બેડનું કોવીડ સેન્ટર ક્યારે કાર્યરત થશે તે જોવું રહ્યું બીજીબાજુ જીલ્લામાં નબળી નેતાગીરીને કારણે પ્રજાને આજે એક-એક બેડ માટે વલખાં મારવા પડી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં આજકાલ ઓક્સીજન અને બેડ માટે દર્દીઓ ફાંફા મારી રહ્યા હોવાથી પરિસ્થિતિ ખૂબ જ ગંભીર થઈ રહી છે. ત્યારે મોડાસા સરકારી ઈજનેરી કોલેજ ખાતે ઉભું કરવામાં આવેલ ૫૦ બેડનું કોવિડ સેન્ટર ઓક્સીજન સગવડ નહી હોવાથી શોભાના ગાંઠીયા જેવું ભાસી રહ્યું છે. જીલ્લાની પ્રજા આજે કોરોનાના ભારે સંકટ વચ્ચેથી પસાર થઈ રહી છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સતત વધતા જતા સંક્રમણને નિયંત્રમમાં લાવવામાં તંત્રને ઘોર નિષ્ફળતા સાંપડી રહી છે. વહેલી સવારથી જ સરકારી અને ખાનગી હોસ્પિટલો આગળ જોવા મળતી દર્દીઓની કતારો ભારે ભયાનક સ્થિતિનો પુરાવો આપી રહી છે. દવાખાનાઓમાં બેડ-ઓક્સિજન અને રેમડેસિવિરની અછતને કારણે દિનભર કાગારોળ મચતી જોવા મળી રહી છે. લોકોને સરળતાથી બેડ-ઓક્સીજન અને દવાઓ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આરોગ્ય તંત્ર અને સ્થાનિક નેતાગીરી નબળું પુરવાર થઈ રહ્યું છે.

**CDHO શું કહે છે, તેમજ એપેડેમીક ઓફિસર શું કહે છે વાંચો**

મોડાસા સરકારી એન્જીનરીંગ કોલેજ ખાતે ઉભું કરાયેલ ૫૦ બેડ કોવીડ હોસ્પિટલમાં બંધ હાલત અંગે ઝઠ્ઠૐ શ્રીમાળી સાથે ટેલીફોનીક પૂછપરછ કરતા તેમને જણાવ્યું હતું કે આ કોવીડ સંસ્થાના સહયોગથી કાર્યરત કરવાનું હતું અને આ અંગે વધુ માહીતી કલેકટર કચેરીમાંથી મળી શકે તેમ છે જીલ્લામાં હાલ તમામ કોવીડ સેન્ટર કાર્યરત છે અને તેમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

બીજીબાજુ જીલ્લા એપિડેમિક ઓફિસર ડૉ.પ્રવીણ ડામોરના જણાવ્યા અનુસાર સરકારી ઈજનેર કોલેજ ખાતે ઉભું કરવામાં આવેલ કોવીડ સેન્ટરમાં સેન્ટ્રલ ઓક્સીજન લાઈન નાખવાની બાકી હોવાથી આ કોવીડ સેન્ટર કાર્યરત થઈ શક્યું નથી સેન્ટ્રલ ઓક્સીજન નાખતી એજન્સીને આ અંગે વારંવાર રજુઆત પણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

## સાબરકાંઠા કલેક્ટર તરીકે એચ. કે. કોયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

રાજ્ય સરકાર દ્વારા સાબરકાંઠા કલેક્ટરની ખાલી



જગ્યા ઉપર સુરત ડી.ડી.ઓ. તરીકે ફરજ બજાવતા આઈ.એ. એસ. એચ.કે.કોયાની નિયુક્તિ કરવામાં આવી છે. આ અગાઉ ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલે પોતાની કચેરીની બહાર રેમડેસિવિર ઈન્જેક્શનની પૂછપરછ માટે કોઈએ આવવું નહીં..તેવું બેનર લગાવ્યું હતું અને વિવાદ વકર્યો હતો. કોરોનાના કપરા કાળમાં સાબરકાંઠામાં સ્થિતિ બેકાબુ છે ત્યારે કલેક્ટરની નિયુક્તિને સૌએ આવકારી છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં સંપૂર્ણ-આંશિક લૉકડાઉનથી વેપારીઓ માટે "અસમંજસ" જેવો ઘાટ

### કાં તો સંપૂર્ણ લોકડાઉન જાહેર કરો, અસમંજસની સ્થિતિમાં બીડી, ગુટખામાં કાળા બજારની શરૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના વકરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ક્યાંક સંપૂર્ણ અને ક્યાંક આંશિક લૉકડાઉન જાહેર થયું છે જેના કારણે વેપારીઓ અસમંજસમાં મૂકાયા છે. ધંધા-રોજગાર બંધ રાખવાનો ઉદ્દેશ્ય કોરોનાની ચેઈન તોડવાનો છે પરંતુ એક શહેરી વિસ્તારમાં સંપૂર્ણ ધંધા-રોજગાર બંધ હોય અને ૧૫ થી ૨૦ કી.મી.ના અંતરમાં ધંધા-રોજગાર ખુલ્લા હોય જેથી ખરીદી માટે આવતી ભીડ બજાર ખુલ્લા હોય તે વિસ્તારમાં પહોંચી જાય છે અને સ્થિતિ ઠેરની ઠેર રહે છે જેથી કોરોનાના સંક્રમણને અટકાવવું હોય તો બંન્ને જિલ્લામાં કાં તો સંપૂર્ણ લૉકડાઉન જાહેર કરો નહીંતર અસમંજસની સ્થિતિ પેદા થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં બીડી, ગુટખામાં કાળા બજારની શરૂઆત થઈ છે.

કોરોનાની બીજી લહેર વેપારીઓ માટે અકળામણ ભરી બની ગઈ છે. સરકારે લૉકડાઉન જાહેર કર્યું નથી પરંતુ સ્થાનિક સત્તાધિશો અને વહીવટી તંત્રએ પરામર્શ કરી વેપારીઓ સાથે બેઠકો યોજી કોરોનાનું સંક્રમણ વધે નહીં તે માટે આંશિક અને સંપૂર્ણ લૉકડાઉનનો માર્ગ શોધી કાઢ્યો. કોરોનાનો ચેપ અટકતો હોય તો વેપારીઓ ૧૦ દિવસ નહીં આખો મહિનો ધંધા-રોજગાર બંધ રાખવા તૈયાર છે. પરંતુ જિલ્લાના



હિંમતનગર, મોડાસા, ઈડર, તલોદ, બાયડ, પ્રાંતિજ, ધનસુરા, ભિલોડા, માલપુર, મેઘરજ, ખેડબ્રહ્મા, વડાલી સહિતના વિસ્તારોમાં સંપૂર્ણ અને આંશિક લૉકડાઉન પછી પણ કોરોનાના દર્દીઓમાં બમ્પર ઉછાળો અને ચોંકાવનારા મોતના આંકડા સામે આવ્યા છે. એનો મતલબ એ થયો કે લૉકડાઉન પણ કોરોનાની ગતિ સામે બેઅસર સાબિત થયાં છે અને ધંધા-રોજગાર બંધ રાખવાથી વેપારીઓ પાયમાલ થઈ ગયા તે વધારાનું અને હજુ પણ જિલ્લાની પ્રજાના જીવ બચતા હોય તો અનેક વેપારી સંગઠનોએ લાંબાગાળાના લૉકડાઉન માટે તૈયારી દર્શાવી છે પરંતુ પ્રજાએ પણ વેપારીઓના ધંધા-રોજગારના બલિદાનના બદલામાં ઘરમાં પુરાઈ રહેવું પડશે. કાં તો કોરોનાનો ચેપ ન લાગે તે રીતે સાવધાનીપૂર્વક અનિવાર્ય હોય ત્યાં જઈને પાછા વળવું પડશે. પરંતુ જિલ્લાની પ્રજા માટે આ બધું સંભવ નથી અને હવે દરેક રીતે ત્રાસેલા વેપારીઓ બોલી રહ્યા છે કે લગ્નસરાના અવસરમાં ઘરાકી મળવાની શરૂઆત થઈ પરંતુ આંશિક અને સંપૂર્ણ લૉકડાઉનના કારણે ધંધા-રોજગાર બંધ કર્યા અને આવક ગુમાવી. પરંતુ કોરોનાના કેસ ઘટ્યા નથી ઉલ્ટાના વધ્યા છે જેથી અવનવા વિસ્તારોમાં લૉકડાઉનનાં ગતકડાં કરવાના બદલે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં સમય મર્યાદા નક્કી કરી ધંધો કરવા માટેની એક ગાઈડલાઈન નક્કી કરવી જોઈએ.

## ધનસુરા બાર એસો.ના પ્રમુખનું ટૂંકી માંદગી બાદ અવસાન

ધનસુરા બાર એસોસિએશનના પ્રમુખનું ટૂંકી



માંદગી બાદ અવસાન થયું હતું. ધનસુરા બાર એસોસિએશનના પ્રમુખ અને પત્રકાર નિલેશભાઈ જોશીનું ટૂંકી બિમારી બાદ અવસાન થયું હતું. જેને લઈ વકીલ તથા પત્રકારોએ શ્રધ્ધાંજલિ પાઠવી હતી. નિલેશભાઈનું દુઃખદ અવસાન થતાં અગ્રણીઓ પત્રકાર અને વકીલોએ દુઃખની લાગણી વ્યકત કરી હતી અને પ્રભુ પરમાત્મા તેમની આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

# સંવેદનશીલ નિર્ણય : જિલ્લામાં મા-બાપને કોરોના થાય તો બાળકોને ચિલ્ડ્રન હોમમાં આશ્રય અપાશે

રાજ્ય સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સંવેદનશીલ નિર્ણય લેવાયો છે. રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોઈ પરિવારમાં મા-બાપને કોરોના થાય તો બાળકોને મુકવા જ ક્યાં..?? તેવો પ્રશ્ન ઉપસ્થિત થતા હતો પરંતુ સરકારે તેનો હલ લાવ્યો છે અને મા-બાપને કોરોના થાય તો સરકાર દ્વારા ચિલ્ડ્રન હોમમાં આશ્રય અપાશે અને આ માટે ક્યાં આશ્રય અપાશે તેની વિગતો પણ જાહેર કરવામાં આવી છે.

કોરોનાની બીજી લહેરમાં આખે આખા પરિવારના સભ્યો સંક્રમિત થયાના કિસ્સા વધ્યા છે. છેલ્લા એક મહિનામાં જે ઘરમાં એક વ્યક્તિને કોરોના લાગ્યો હોય તેનું સંક્રમણ પછી પરિવારના અન્ય સભ્યોને લાગે છે જેના કારણે પરિવારના સભ્યો દિવસો ના દિવસો સુધી હોમ ક્વોરન્ટાઈન રહેતા હોય છે. બાળકો સંક્રમિત થયા ન હોય તે કિસ્સામાં સંક્રમિત મા-બાપ બાળકોને કેવી રીતે સાચવે તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો અને આવી સમસ્યાઓના નિરાકરણમાં સમાજ કલ્યાણ વિભાગે સંવેદનશીલતા દાખવી છે. ધ્યાનમાં આવ્યા મુજબ મા-બાપ કોરોના સંક્રમિત થયા પછી મૃત્યુ પામે એટલે તેમના સંતાનો નોંધારા થઈ જાય છે તેમને કોણ રાખે તેવો પણ પ્રશ્નો હતો આ સંજોગોમાં કોરોનાના સંક્રમણમાં ભોગ બનેલા દંપતિના સંતાનોને ચિલ્ડ્રન હોમમાં આશ્રય આપવામાં આવશે.

# વડાગામ ગ્રામ પંચાયત દ્વારા પ્રજાને દર રવિવારે દેવમંદિરમાં જઈ દિવા-અગરબત્તી કરવા આહવાન કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

તાજેતરમાં જ સાણંદ તાલુકામાં બળીયાદેવના મંદિરમાં આસ્થા સાથે ભેગા થયેલા લોકો સામે પોલીસ કાર્યવાહી પછી કોરોના સંક્રમણ વધુ બેકાબુ બનવાની દહેશત વ્યક્ત કરવામાં આવી હતી. રાજ્યના મુખ્ય મંત્રીએ પણ પ્રજાને અંધશ્રદ્ધાથી દૂર રહેવા અપીલ કરી છે ત્યારે ધનસુરા તાલુકાની વડાગામ ગ્રામ પંચાયત દ્વારા જાહેર જનતા જોગ અપીલ કરી કોરોનાની મહામારીમાં ગામમાં ઘણા કેસ વધી રહ્યા છે જેથી સર્વે ભેગા થઈ એક બાધાનું આયોજન કર્યું છે. દરેક વ્યક્તિએ દર રવિવારે દેવમંદિરમાં પહોંચી જઈ દિવા-અગરબત્તી કરવી તેમજ પોતાના ઘર આગળ નેવાંના ભાગે યથાશક્તિ પ્રમાણે છૂટી અગરબત્તી કરવા વિનંતી કરવામાં આવી છે. ગ્રામ પંચાયતના શિક્ષિત સરપંચ હોવા છતાં આ પ્રકારનું કોઈપણની સહી વગરનું લખાણ પંચાયતના લેટરપેડ ઉપર સોશ્યલ મીડીયા ઉપર ફરતું થતાં તંત્ર પણ અચંબામાં પડ્યું છે.

ભારત દેશમાં આસ્થાના પ્રવાહ સામે સાચી વાતો વામણી સાબિત થાય છે. કોરોનાની પ્રથમ લહેરમાં બધા હેમખેમ બહાર નિકળી ગયા પરંતુ બીજી લહેરમાં વિશ્વના અનેક દેશોને ભારતને મદદ કરવાની સ્થિતિ આવી છે. સતત વધી રહેલા કોરોના સંક્રમણથી પ્રજામાં પણ આવતી કાલે શું થશે તેની દહેશત પ્રવર્તિ રહી છે. આ સંજોગોમાં પ્રજાએ શ્રદ્ધા-અંધશ્રદ્ધાનો સહારો લેવાની શરૂઆત કરી છે પરંતુ કોઈપણ ગ્રામ પંચાયત કોરોનાની મહામારીને નાથવા માટે દેવમંદિરમાં જઈને દિવા-અગરબત્તી કરવાનું પ્રજાને આહવાન કરે તો શું સમજવું..?? ઔદ્યોગિક એકમોથી ધમધમતી વડાગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં છેલ્લા એક મહિનામાં કોરોનાના કારણે ૧૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. ૨૦૦ થી વધુ લોકો સંક્રમિત થયા છે. ત્યારે ગ્રામ પંચાયત દ્વારા તા.૯-૫-૨૦૨૧ ના રોજ લેટરપેડ ઉપર જાહેર વિજ્ઞપ્તિ સાથે લોકોને બાધાનું આયોજન કરવા આહવાન કરી દર રવિવારે મહાકાળી મંદિર, ખોડીયાર માતા મંદિર, બળીયાદેવ મંદિર, જોગણી માતાના મંદિરે દિવા-અગરબત્તી કરવા જણાવ્યું છે અને તેમાં ગામના તમામ લોકો સહકાર આપે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

**તપાસ કર્યા પછી જરૂર પડશે તો ગુનો દાખલ થશે : પી.એસ.આઈ.**

પી.એસ.આઈ., બી. એસ. ચૌહાણનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે મને પણ આઈ.બી. દ્વારા આ પ્રકારનો પત્ર વાયરલ થયાની જાણ થઈ છે. તપાસ કરી રહ્યા છીએ અને જરૂર પડશે તો વડાગામ ગ્રામ પંચાયતના જવાબદારો સામે અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપવા બદલ ગુનો પણ નોંધીશું પરંતુ સરપંચ સાથે થયેલી વાતચીતમાં તેઓ આ બાબતે કંઈ જાણતા ન હોવાનું જણાવ્યું છે.